सत्यमेव जयते

**ફોજદારી કેસ નંબર–૨૯૬૦/૨૦૨૪**

**આંક–**

**::નમૂના – અ::**

| **મે.સુરત (રેલ્વે) ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત** | |
|---|---|
| ચુકાદા ની તારીખ | ૧૧/૦૫/૨૦૨૬ |
| ફો. કે. સંખ્યા | ૨૯૬૦/૨૦૨૪ |
| **ગુના ની વિગત** | |
| ગુના ની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨, ૩૨૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ |
| પ્ર. માહિતી અહેવાલ સંખ્યા | ૪૩૧/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | સરકાર શ્રી /– બી5ીનકુમાર 5્રમોદકુમાર જા8 |
| રજૂઆત | વિ. મદદનીશ સરકારી વકીલ શ્રી માર્ટીન ડી. પરમાર |
| આરોપી પક્ષ | **(૧) સદામ ઉર્ફે મૌલાના સ/ઓ જાફર મનીયાર,**<br>ઉવ.૨૨ ધંધો. મજુરી રહે– ૮૦ ફુટ રોડ, કિન્નરી ટોકીઝ સામે ઘર નં.૮૫૦ માનદરવાજા સુરત મુળ ગામ. લેડુત જી.જલગાંવ મહારાષ્ટ્ર. તા.દોંડાઇચા.<br>**(૨)અરબાઝ ઉર્ફે ચીકટ સ/ઓ ઇસ્માઇલ શેખ,**<br>ઉવ.૨૦, ધંધો : મજુરી,<br>રહે– સી/૩૯ રૂમ નં. ૧૧ ત્રીજો માળ ભેસ્તાન આવાસ સુરત.<br>**(૩) સકીલ સ/ઓ ખલીલ શેખ,**<br>ઉ.વ.૩૨ ધંધો : રીક્ષા ડ્રાઇવર,<br>રહે.રજાનગર ઘર નં.૩૦૩, બી.આર.ટી.બસ ભાઠેના સુરત.<br>**(૪) ઇસ્માઇલ ઉર્ફે નુરૂ સ/ઓ બાબુ શેખ,**<br>ઉવ.૨૯ ધંધો : મજુરી,<br>રહે. મ.નં. ૫૬૯ રજાનગર ભાઠેના સુરત. |
| રજૂઆત | વિ. વકીલ શ્રી – વી. કે. મોદી |

**::નમૂના – બ::**

| | |
|---|---|
| ગુના ની તારીખ | ૧૪/૧૧/૨૦૨૦ |

| | |
|---|---|
| પ્ર. માહિતી અહેવાલ ની તારીખ | ૧૫/૧૧/૨૦૨૦ |
| આખરી અહેવાલ ની તારીખ | ૨૦/૦૨/૨૦૨૧ |
| તહોમતનામા ની તારીખ | ૧૨/૦૮/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયા ની તારીખ | ૨૦/૦૨/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૮/૦૪/૨૦૨૬ |
| ચુકાદા ની તારીખ | ૧૧/૦૫/૨૦૨૬ |
| સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો) | – |

**::આરોપી ની વિગત::**

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **સદામ ઉર્ફે મૌલાના સ/ઓ જાફર મનીયાર,** ઉવ.૨૨ ધંધો. મજુરી રહે– ૮૦ ફુટ રોડ, કિન્નરી ટોકીઝ સામે ઘર નં.૮૫૦ માનદરવાજા સુરત મુળ ગામ. લેડુત જી.જલગાંવ મહારાષ્ટ્ર. તા.દોંડાઈચા. | ૧૬/૧૧/૨૦૨૦ | ૧૮/૧૧/૨૦૨૦ | ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૩૨, ૩૨૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ | શંકાનો લાભ | – | – |
| ૨. | **અરબાઝ ઉર્ફે ચીકટ સ/ઓ ઇસ્માઇલ શેખ,** ઉવ.૨૦, ધંધો : મજુરી, | ૧૬/૧૧/૨૦૨૦ | ૧૮/૧૧/૨૦૨૦ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | રહે– સી/૩૯ રૂમ નં. ૧૧ ત્રીજો માળ ભેસ્તાન આવાસ સુરત. | | | | | | |
| ૩ | **સકીલ સ/ઓ ખલીલ શેખ,**<br>ઉ.વ.૩૨ ધંધો: રીક્ષા ડ્રાઇવર,<br>રહે.રજાનગર ઘર નં.૩૦૩, બી.આર.ટી.બસ ભાઠેના સુરત | ૧૬/૧૧/ ૨૦૨૦ | ૧૮/૧૧/ ૨૦૨૦ | ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૩૨, ૩૨૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ | શંકાનો લાભ | – | – |
| ૪ | **ઇસ્માઈલ ઉર્ફે નુરૂ સ/ઓ બાબુ શેખ,**<br>ઉવ.૨૯ ધંધો : મજુરી,<br>રહે. મ.નં. ૫૬૯ રજાનગર ભાઠેના સુરત. | ૧૭/૧૧/ ૨૦૨૦ | ૧૮/૧૧/ ૨૦૨૦ | ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૩૨, ૩૨૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ | શંકાનો લાભ | – | – |

**::નમૂનો ક::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| **અનુ.નં.** | **સાહેદનું નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સ.૧ | બીપીનકુમાર પ્રમોદભાઇ જાટ | ૧૨ | ફરીયાદી |
| ફ.સ.૨ | નરેન્દ્ર રાજાભાઉ | ૧૪ | પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ફ.સ.૩ | ચંન્દ્રકાંત રતિલાલ | ૧૮ | પંચ સાહેદ |
| ફ.સ.૪ | જાવેદ ખ્વાજા | ૧૯ | પંચ સાહેદ |
| ફ.સ.૫ | દેવેન્દ્રકુમાર રામભરુચ રાય | ૨૧ | પંચ સાહેદ |
| ફ.સ.૬ | ધર્મેન્દ્ર હીરાલાલ ટંડેલ | ૨૩ | પંચ સાહેદ |
| ફ.સ.૭ | કરણભાઈ સરદારભાઈ બગાડા | ૨૪ | પંચ સાહેદ |
| ફ.સ.૮ | બ્રિજેશસિંહ યશવંતસિંહ | ૨૫ | પંચ સાહેદ |
| ફ.સ.૯ | શરદભાઈ કાલીદાસભાઈ પવાર | ૨૭ | સાહેદ |
| ફ.સ.૧૦ | મહેશકુમાર બાંગેશભાઈ | ૨૮ | સાહેદ |
| ફ.સ.૧૧ | મહેશકુમાર માલજીભાઈ | ૨૯ | સાહેદ |
| ફ.સ.૧૨ | ડો.નીલેષ રમેશભાઈ | ૩૦ | સાહેદ |
| ફ.સ.૧૩ | સુરેન્દ્રસિંહ હરીસિંહ | ૩૪ | સાહેદ |
| ફ.સ.૧૪ | લક્ષ્મણસિંહ પ્રતાપસિંહ | ૩૫ | સાહેદ |
| ફ.સ.૧૫ | હિતેશભાઈ અશોકભાઈ શેતે | ૩૬ | સાહેદ |
| ફ.સ.૧૬ | સુનિલભાઈ માનસંગભાઈ | ૩૭ | સાહેદ |
| ફ.સ.૧૭ | સંજયભાઈ સહારભાઈ | ૩૮ | સાહેદ |
| ફ.સ.૧૮ | બળવંતસિંહ રણછોડભાઈ | ૪૦ | ત.ક.અ. |

**બ. બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૨ | – | – |

**ક. બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૨ | – | – |

નોંધ – ઉપરોક્ત સાક્ષી ના પુરાવા ના પ્રકાર માં લાગુ પડતો પુરાવા નો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

## ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના આંક ની યાદી

### અ. ફરિયાદ

| અનુ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદ |
| ૨ | ૧૫ | પંચનામુ |
| ૩ | ૧૬ | પંચનામુ |
| ૪ | ૧૭ | પંચનામુ |
| ૫ | ૨૦ | પંચનામુ |
| ૬ | ૨૨ | પંચનામુ |
| ૭ | ૩૧ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૮ | ૪૨ | ગુનો દાખલ કરવા પીએસઓને કરેલ યાદી |
| ૯ | ૪૩ | તપાસ હુકમ |
| ૧૦ | ૪૪ | શરીર સ્થિતિ પંચનામુ |
| ૧૧ | ૪૫ | ઓળખ પરેડનુ પંચનામુ |
| ૧૨ | ૪૬ | પુરાવાના કાયદાની કલમ–૬૫(બી)નું સર્ટી |
| ૧૩ | ૪૭ | સારવાર સર્ટીફીકેટ |
| ૧૪ | ૪૮ | જાહેરનામુ |
| ૧૫ | ૫૦ | પુરાવાના કાયદાની કલમ–૬૫(બી)નું સર્ટીફીકેટ |

### બ. બચાવ

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક બ–૧/બ.સ. ૧ | – |
| ૨. | આંક બ–૨/બ.સ. ૨ | – |

### ક. ન્યાયાલય આંક

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ન્યા–૧/ન્યા.સ. ૧ | – |
| ૨. | આંક ન્યા–૨/ન્યા.સ. ૨ | – |

### ડ. ભૌતિક પદાર્થ:

| અનુક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ભૌ. પ. ૧ | – |
| ૨. | ભૌ. પ. ૨ | – |

***–ઃ હ કી ક ત ઃ–***

## (૧) **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

આ કામના ફરીયાદી તથા તેમની સાથેના આર.પી.એફ સ્ટાફના પોલીસ માણસો તા.૧૪/૧૧/૨૦ ના રોજ કલાક–૨૨/૩૦ વાગ્યાના સુમારે ઉધના રેલવે સ્ટેશનની દક્ષિણ તરફ આવેલ ન્યુ ઓવર બ્રીજ પાસે પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમિયાન આ કામના આરોપી નં.૧ નાએ આ કામના ફરીયાદીને ડાબા હાથના કોણીના ભાગે ચપ્પુ વડે ઈજા કરેલ તથા આરોપી નં. ૨, ૩ નાઓ સાથે મદદગારી કરી ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૨૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય આ અંગે તેઓએ આરોપીઓ સામે ફરીયાદ આપેલી જેથી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૪૩૧/૨૦૨૦ થી નોંધી તપાસ કરી પુરતો પુરાવો હોય અત્રેની અદાલત માં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

## (૨) **કોર્ટ કાર્યવાહી :–**

ત્યારબાદ આ કામના આરોપીઓને આ અદાલત ધ્વારા સમન્સ કરતા, આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓને આંક–૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, આંક–૪ થી ૭ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે, જેથી કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

## (૩) **આરોપીઓનું વિશેષ નિવેદન :–**

ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ મોટાભાગના પ્રશ્નો ખોટા હોવાનુ જણાવેલ તથા તેઓએ વિશેષમાં તેમના ઉપર ખોટો કેસ કરેલ હોવાની હકીકત અને તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે.

## (૪) **દલીલો :–**

***ફરીયાદપક્ષની દલીલ :–***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી માર્ટીન પરમારની દલીલ છે કે

બ) ***બચાવપક્ષની દલીલ :–***

બચાવપક્ષે વિ.વ.શ્રી

(૫) ઉપરોકત હકીકતો તથા દલીલો ઘ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા તેમની સાથેના આરપીએફ સ્ટાફના પોલીસ માણસો તા.૧૪/૧૧/૨૦ ના રોજ કલાક–૨૨/૩૦ વાગ્યાના સુમારે ઉધના રેલવે સ્ટેશનની દક્ષિણ તરફ આવેલ ન્યુ ઓવર બ્રીજ પાસે પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમિયાન આ કામના આરોપી નં.૧ નાએ આ કામના ફરીયાદીને ડાબા હાથના કોણીના ભાગે ચપ્પુ વડે ઈજા કરેલ તથા આરોપી નં. ૨, ૩ નાઓ સાથે મદદગારી કરી ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૨૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) '' નકારમાં, ''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે.

**–:: પુરાવાનુ મુલ્યાંકન ::–**

(૮) **મુદા નં.–૧ ની ચર્ચા :–**

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ –૧૦૧ થી ૧૦૩ અનુસાર આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના સીરે રહેલો છે. ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ મુજબ

ફરીયાદીપક્ષે આરોપીસામે મુકવામાં આવેલ તહોમત ''બીયોન્ડ રીઝનેબલ ડાઉટ'' યોગ્ય અને નિ:શંક પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનું હોય છે કે, આરોપી દોષિત છે અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે ફોજદારી કેસમાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠેરવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલુ રહેવાનું હોય છે અને નામ. કોર્ટ ધ્વારા બાદમાં આવેલા અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષ મુકત અગર બેનિફિટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) **<u>કાયદાની જોગવાઈઓ</u> :–**

ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૨૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો આક્ષેપ છે. તો સૌપ્રથમ આ કલમ અંગે જોઈએ તો,

(૯.૧) **<u>કલમ–૩૩૨ : રાજય સેવકને પોતાની ફરજ બજાવતાં રોકવા માટે સ્વેચ્છાપુર્વક વ્યથા કરવા બાબત:–</u>**

જે કોઈ વ્યકિત, કોઈ રાજ્ય સેવકને એવી હેસિયતથી તે પોતાની ફરજ બજાવતો હોય ત્યારે અથવા તે રાજ્ય સેવકને કે અન્ય કોઈ રાજ્ય સેવકને એવી નેસિયતથી પોતાની ફરજ બજાવતા અટકાવવાના કે રોકવાના ઈરાદાથી અથવા તેણે એવા રાજ્ય સેવકની હેસિયતથી પોતાની કાયદેસરની ફરજ બજાવતા કંઈ કૃત્ય કર્યું હોય કે કરવાની કોશિશ કરી હોય તેના પરિણામે એવા રાજ્ય સેવકને સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે, તેને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**<u>કલમ ૩૩૨ ના તત્વો:</u>**

(૧) આરોપીએ રાજ્ય સેવકને વ્યથા પહોંચાડેલી હોવી જોઈએ.

(૨) આવી વ્યથા

(અ) રાજ્યસેવક જ્યારે તેની ફરજ બજાવતો હોય ત્યારે અથવા

(બ) તેની ફરજમાં રૂકાવટ કરવાનાં ઈરાદાથી અથવા

(ક) રાજ્ય સેવકની હેસીયતથી તેની ફરજના ભાગરૂપે કોઈ કૃત્ય કરવા અથવા તે માટે પ્રયત્ન કરવાના પરિણામે કરાયેલી હોવી જોઈએ.

**(૯.૧) કલમ: ૩૨૪ : – ભયાનક શસ્ત્રો કે સાધનો દવારા સ્વૈરછાપૂર્વક વ્યથા પહોંચાડવી :–**

*કોઈ પણ વ્યકિત, કલમ ૩૩૪ માં દર્શાવેલા સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાના, ભોંકવાના, અથવા કાપવાના સાધન વડે અથવા જે સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નીપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે અથવા ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ સ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવ શરીર ને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે અથવા કોઈ પ્રાણી મારફત સ્વૈરછાપૂર્વક વ્યથા પહોંચાડે તેને ત્રણ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.*

***તત્વો :–***

*૧. આરોપીએ ભોગ બનનારને શારીરીક પીડા, રોગ અથવા અશકિત નિપજાવવી.*

*૨. આવી ઈજા આરોપીએ ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનુ જાણવા છતાં એટલે કે સ્વૈરછાપૂર્વક પહોંચાડી*

*૩. આ ઈજા ગોળ છોડવાના અથવા ભોંકવાના અથવા કાપવાના સાધન વડે કરવામાં આવી હતી અથવા જે સાધનનો આક્રમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હતી અથવા કોઈ પદાર્થ શ્વાસ માં લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્રાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હતી.*

(૯.૩) **<u>કલમ:–૧૧૪ ગુનો આચરવામાં આવે તયારે મદદગારની હાજરી :–</u>**

પોતે હાજર નહી અને પોતે કરેલ મદદગારીના પરીણામે થયેલ જે કૃત્ય માટે મદદગારી તરીકે કોઈ વ્યકિત સજાને પાત્ર થાય તેવુ કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે તેમ ગણાશે.

**<u>કલમ ૧૧૪ ના તત્વો:–</u>**

૧. મુખ્ય ગુનો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુનાની મદદગારી કરવામાં આવી હોય તે ગુનો બન્યો હોવો જોઈએ.

૨. તે મુખ્ય ગુનામાં મદદગારી કરી હોવી જોઈએ.

૩. ગુનો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ.

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી થાય તેની મદદગારી તેણે કરી હોવી જોઈએ.

૫. ગુનો બનતા પહેલા તથા ગુનો બને ત્યારે મદદગારે બદદગારી કરી હોવી જોઈએ.

ઉપરોકત કલમો અન્વયે હાલના કેસમાં જોવામાં આવે તો,

(૧૦) **<u>પુરાવાનુ મુલ્યાંકન:..</u>**

આ કામે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૨૪ અને ૧૧૪ તથા જી પી એકટ ની કલમ ૧૩૫મુજબનુ તહોમત છે અને આ ગુનો નિ:શંક પણે પુરવાર કરવા માટે ફરીયાદી તરફે કુલ ૧૮ સાહેદો તપાસવામાં આવેલા છે.

**ઈ.પી.કો. કલમ–૩૩૨** સાબિત કરવા માટે સૌ પ્રથમ ફરીયાદી અથવા ભોગબનનાર રાજયસેવક હોવો આવશ્યક છે અને રાજયસેવકની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૧માં વ્યાખ્યાચિત કરવામાં આવેલ છે અને કલમ–૨૧માં રાજયસેવકની વ્યાખ્યા મુજબ હાલના કામના ફરીયાદી તથા સાહેદ સુરત આર પી એફ પોલીસ સ્ટેશનના પોલીસમાં ફરજ બજાવે છે. જેમાં આઠમું ગુના થતાં અટકાવવાનું, ગુનાની માહીતી આપવાનની, ગુનેગારોને ઈન્સાફ માટે ખડા કરવાની અથવા જાહેર આરોગ્ય સલામતી કે સગવડતાનું રક્ષણ કરવાની એક સરકારી અધિકારી તરીકે જેની ફરજ હોય તેવા દરેક અધિકારી તેમાં સામાવિષ્ટ છે. હાલના કામના ફરીયાદી અને સાહેદને જોવામાં આવે તો તેઓ સુરત આર પી એફ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા અને તકઅશ્રી તેમની આંક ૪૦ શાહેદ નં ( ) જણાવેલ છે કે, આરપીએફ માં નોકરી કરતા બીપીનકુમાર પ્રમોદકુમાર જાટને પોતાની ફરજ દરમ્યાન ટ્રેન માં ચાર માણસો ને ચડવા જતા તેને રોકતા હાથમાં ચપ્પુ મારેલ છે પરંતુ કોઈ પુરાવો રજુ કરેલ નથી જેવો કે ફરીયાદી નોકરી કરતા હતા અને તેઓ પોતાની ફરજ ઉપર હાજર હતા જે ફરજ તેઓને સોંપવામાં આવેલ હતી, ફરીયાદી શાહેદ નં ૧ (**PW-1**) પણ પોતાની જુબાનીમાં જણાવે છે કે તેઓ આર પીઅફ ના માણસો ઉધના

ખાતે ચોરી ના બનાવો બનતા હોય વોચમાં હતા, પંરતુ તેઓને આ ફરજ સોંપવામાં આવેલ હતી તેવો કોઈ લેખીત આધાર રજુ કરેલ નથી. જેથી કલમ–૩૩૨માં સ્પષ્ટ જણાવે છે કે જયારે પણ આ કલમ લાગુ કરેલ હોય ત્યારે તે રાજયસેવક હોવો જોઈએ અને રાજયસેવકની ફરજની બજવણી કરતો હોવો જોઈએ અને આ ફરજની તેમની બજવણી દરમિયાને તેમને તેમની ફરજ બજાવવામાં રૂકાવટ કરેલી અને વધુમાં રાજયસેવકની ઉપર હુમલો પણ કરેલો હોવો જોઈએ અને રાજયસેવકે કરેલી ફરજ બજવણી તથા હુમલા વચ્ચે સાતત્ય હોવું જોઈએ તથા ફરજના ભાગરૂપના કૃત્ય વચ્ચે પણ હુમલો કરે તો તે આ કલમ મુજબ ગુનો ગણાય પરંતુ હાલના કેસમાં આ કામના ફરીયાદી શાહેદ નં ૧ (**PW-1**) પણ પોતે ફરજ ઉપર બીજા સ્ટાફ સાથે હાજર હતા તેમ જણાવે છે, તેઓને વોચમાં રહેવાનો કોઈ હુકમ આપેલ હતો તે અંગે કોઈ દસ્તાવેજ આ કામે રજૂ કરેલ નથી. માત્ર આ મોખીક પુરાવાથી શાહેદો ફરજ ઉપર હોવાની હકીકત જણાવેલ છે, ત્યારે આરોપીઓએ શાહેદ તથા ફરીયાદીઓ ફરજ ઉપર હાજર હતા અને તે રાજયસેવકની ફરજમાં રૂકાવટ કરેલુ હોગ તેમ સાબછત કરેલ નથી, જેથી આ કામે તત્વો રાજયસેવક જયારે તેમની ફરજ બજાવતો હતો ત્યારે તેની રાજયસેવકની હેસિયતથી તેના ફરજના ભાગરૂપે કૃત્ય કરવા જતા આ ઈજા કરવામાં આવેલી છે તેવું ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

**(૧૧) ડોકટરનો પુરાવો :–**

આ કામે ફરીયાદી સાહેદ નં. (**PW-1**) ડો. નીલેશ રમેશભાઈ ગુજજર ને આંક ૩૦ થી તપાસવમાં આવેલ છે તેઓ તેમની સોગંદઉપરની જબુાનીમાં જણાવે છે કે, તા ૧૪–૧૧–૨૦ ના રોજ તેઓ નવી સીવીલ હોસ્પીટલ માં ટ્રોમા સેન્ટર માં હતા ત્યારે રાત્રે ૧૧–૩૦ વાગે ૧૦૮ માંએક દર્દી વિપીનકુમાર પ્રમોદભાઈ ને આલઈને આવેલ અને તેઓએ હીસ્ટ્રી આપેલ હતી, તેમને ડાબા હાથની કોણીના નજીકના ભાગે એક સીધો ઘસરકો ૬.પ સેમી નો હતો, જે લાલ કલરનો સુજી ગયેલ હતો, અને બીજા કોઈ ભાગમાં ઈજાના નીશાન ન હતા, તેઓને સારવાર આપેલ હતી, આ ઈજા તીક્ષ્ણ હથીયાર વડે થઈ શકે તેવી હતી, આ સાદી ઈજા હતી, અને દોઢ કલાક જુની હતી અને એક થી બે અઠવાડીયા માં મટી શકે તેવી હતી, અને સારવાર સટીફીકેટ આપેલ હતુ જે આંક ૩૧ થી રજુ કરેલ છે અને આશાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં દર્દીએ હીસ્ટ્રીમા ંકોઈ વર્ણન આરોપીનુ જણાવેલ અ ન હતુ, અને પડી જવાથી આ પ્રકારની ઈજા થઈ શકે છે, કોઈ માણસ

જાતે પણ ઈજા થઈ કે છે, અને કોઈ હથીયાર ડોકટર ને બતાવેલ નથી અને ડીનાઈલ ના પ્રશ્નો પુછવામાાં આવેલ છે, આ જુબાનીમાં ડોકટર દવારા આંક ૪૭ થી મેડીકલ સર્ટીફીકેટ આપેલ છે તેમાં એક અજાણ્યા માણસે છરી થી ઉધના અંડરબ્રીજ નીચે હુમલો કરેલા નુ જણાવેલ હતુ અને આ હુમલા થી તેને ડાબા કોણીના નીચે ના ભાગે ઈજા હતી તેવી જુબાની આપેલ છે.

**ફરીયાદીનો પુરાવો :–**

ફરીયાદી શાહેદ નં ૧ (**PW-1**) બીપીનકુમાર જાટ ને આંક ૧૨ થી જુબાનીમાં જણાવે છે કે, ચોરીના બનાવ બનતા હોય તેઓ અન્ય આરપીએફના માણસો સાથે ઉધના યાર્ડ માં વોચમાં હતા ત્યારે ઉધના થી ટ્રેઈન નં ૯૦૫૧ વલસાડ મુજ્જફરપુર આવી યાર્ડ માં ઉભી રહેતા તેના આગળના કોચમા ચાર ઈસમો ચડી ગયેલ હતા, તેઓ ટોર્ચ યારી ચીલ્લાએલા તેથી તેઓ ચારેય નીચે ઉતરી ગયેલા અને તેઓને પકડવા માટે ફરીયાદી પાછળ દોડેલા છેલ્લે દોડતો હતો તેને ફરીયાદીએ પકડી લીધેલ અને તેના હાથવડે શાર્પ કટીંગ હથીયાર થી ડાબા હાથની કોણી માં મારેલ અને તેને લોહી નીકળેલ હતુ, અને ચારેય ઈસમો ત્યાંથી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયેલા અને સ્ટાફ આવી ગયેલ હતા તેઓએ ફરીયાદ આપેલી ત્યારબાદ તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે તેઓને પછી થી નામ જાણવા મળેલ હતા અને આરોપીને ઓળખી શકે છે, અને ત્રણ આરોપીઓને ઓળખી બતાવેલ છે, આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ હતી તેમાં પણ ફરીયાદીએ ઓળખી બતાવેલ હતા

**અન્ય આરપીએફ શાહેદનો પુરાવો :–**

ફરીયાદી શાહેદ નં – ૧૩ (**PW-13**) સુરેન્દ્રસિંહ હરીસિંહને આંક ૩૪ થી તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે ૧૪–૧૧–૨૦ ના રોજ તેઓ ઉધના રેલ્વે સ્ટેશન ઉપર હતા ત્યારે ચાર સંદીગ્ધ લોકો મળેલા અને તેઓ ઉપર નજર રાખતા હતા ત્યારે બુમો પાડવાનો અવાજ આવતા તેઓ ગયેલા અને ત્યાં તેમનો સ્ટાફ બીપીન મળેલા તેને હાથમાં વાગેલ હતુ, અને બે ત્રણ માણસો પશ્ચિમ દિશા તરફ ભાગેલા હતા, અને બીપીનને ચાકુ મારી ભાગી ગયેલા હતા. એટલે કે આ શાહેદ ઈજા પામનાર (**PW-1**)ને વાગેલ તરતજ તે જગ્યા ઉપર પહોંચેલા અને ત્યાં

પહોંચી ૧૦૮ માં ફોન કરી તેઓ સારવાર માટે લઈ ગયેલ હતા અને શાહેદે તેમની ઉલટ તપાસમાં તે હકીકતો નો સ્વીકાર કરેલ છે કે તેઓએ બનાવ નજરે જોએલ નથી.

ફરીયાદી શાહેદ નં – ૧૮ (**PW-18**) લક્ષ્મણભાઈ પ્રતાપભાઈને આંક ૩, થી તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે તા ૧૪–૧૧–૨૦ ના રોજ તેઓ ઉધના રેલ્વે સ્ટેશન ઉપર હતા ત્યારે ચાર સંદીગ્ધ લોકો મળેલા અને તેઓ ઉપર નજર રાખતા હતા ત્યારે બુમો પાડવાનો અવાજ આવતા તેઓ ગયેલા અને ત્યાં તેમનો સ્ટાફ બીપીન મળેલા તેને હાથમાં વાગેલ હતુ, અને બે ત્રણ માણસો પચ્ચિમ દિશા તરફ ભાગેલા હતા, અને બીપીનને ચાકુ મારી ભાગી ગયેલા હતા. એટલે કે આ શાહેદ ઈજા પામનાર (**PW-1**)ને વાગેલ તરતજ તે જગ્યા ઉપર પહોંચેલા અને ત્યાં પહોંચી ૧૦૮ માં ફોન કરી તેઓ સારવાર માટે લઈ ગયેલ હતા અને શાહેદે તેમની ઉલટ તપાસમાં તે હકીકતો નો સ્વીકાર કરેલ છે કે તેઓએ બનાવ નજરે જોએલ નથી અને આરોપીનુ કોઈ વર્ણન આપેલ નથી.

**આરોપીની ઓળખ :–**

ફરીયાદી (**PW-1**)તેમની જુબાનીમાં તેઓએ આરોપીઓને ઓળખી બતાવેલ છે, તેઓએ આરોપીઓને ઓળખેલ છે જે નામથી પણ ઓળખી બતાવેલ છે માત્ર આરોપી નં ૨ અરબાઝ ને ઓળખી બતાવેલનથી તે સીવાય ત્રણેય આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખીબતાવેલ છે બનાવ વખતે નજરે જોનાર અન્ય કોઈ ઈસમ છે નહી તેથી ફરીયાદી સિવાય એન્ય કોઈ આરોપીને ઓળખી શકે નહી, અને ફરીયાદીએ ત્રણ આરોપીઓને ઓળખી બતાવેલ છે તેમાંથી કયા આરોપીએ ફરીયાદીને છરી મારેલ હતી તેવી કોઈ હકીકત જણાવેલ નથી એક ઈસમેમારેલ તેમ જુબાનીમાં જણાવે છે અને ઓળખ કરતી વખતે પણ ત્રણ માથી કયા આરોપીએ ચપ્પા થી ઈજા કરેલ તે જણાવેલ નથી.

ફરીયાદી (**PW-1**)ની ઓળખ પરેડ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ કરાવેલ છે અને તેનુ પંચનામુ આંક ૪૫ થી રજુ છે જે પંચનામા ના પંચો પૈકી ધર્મેન્દભાઈ હીરાલાલ અને કરણભાઈ સરદારભાઈ બગાડા છે તેઓને ફરીયાદ પક્ષે શાહેદ નં ૬ (**PW-6**) ધર્મેન્દભાઈ હીરાલાલ તથા ફરીયાદ પક્ષે શાહેદ નં ૭ (**PW-7**) કરણભાઈ સરદારભાઈ બગાડા ને તપાસવામાં

આવેલ છે તેઓ તેમની જુબાની માં તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલ હતી અને તે સિવાય કંઈજ ખબર નથી એટલે કે હોસ્ટાઈલ થયેલ છે અને કોઈ પંચનામા બાબતે પુરાવો આપેલ નથી, જયારે આંક ૪૫ વાળુ પંચનામુ તકઅ એ તેમની જુબાનીમાં રજુ કરેલ છે અને તે પરેડ કરનાર જે એસ વસાવાને પણ તપાસવામાં આવેલ નથી તેથી આંક ૪૫ વાળા પંચનામુ સાબીત કરી શકેલ નથી.

આમ તમામ પુરાવો ધ્યાને લેતા તેમાં આરોપીની ઓળખ છતી થતી નથી અને કયા આરોપીએ ફરીયાદીને છરી નો ઘા મારી ઈજા કરેલ તે ફરીયાદ પક્ષ નીશંક પણે સાબિત કરી શકેલ નથી ત્યારે શંકા ઉપસ્થીત થાય છે.

**પંચોનો પુરાવો :–**

ફરીયાદી શાહેદ નં ૨ (**PW-2**) નરેન્દ્ર રાજાભાઉ જોષી કે જે આંક ૧૫ વાળા આરોપી નં ૧, આરોપી નં ૨ અને અરોપી નં ૩ ના અટક પંચ છે, તથા આંક ૧૬ વાળા આરોપી નં ૪ ના અટક પંચ છે, તથા આંક ૧૭ વાળા આરોપીઓ નં ૧ થી ૩ ના શરીરસ્થીતી અંગજડતી પંચનામાના પંચ છે, ફરીયાદી શાહેદ નં ૩ (**PW-3**) ચંદ્રકાંત રતીલાલ કોસંબીયા કે જે આંક ૧૫ વાળા આરોપી નં ૧, આરોપી નં ૨ અને અરોપી નં ૩ ના અટક પંચ છે, તથા આંક ૧૬ વાળા આરોપી નં ૪ ના અટક પંચ છે, તથા આંક ૧૭ વાળા આરોપીઓ નં ૧ થી ૩ ના શરીરસ્થીતી અંગજડતી પંચનામાના પંચ છે, ફરીયાદી શાહેદ નં ૪ (**PW-4**) જાવેદ ખ્વાજા શેખ કે જે આંક ૨૦ વાળા ચપ્પુ કબજે કરેલ પંચનામાના પંચ છે, ફરીયાદી શાહેદ નં ૫ (**PW-5**) દેવેન્દ્ર રામભરુચ રાય કે જે આંક ૨૨ વાળા ગુનાવાળી જગ્યાના પંચ છે તે તમામ ફરી ગયેલા જાહરે કરવામાં આવેલ છે અને તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસના પ્રશ્નો પુછવા છતા પણ કોઈ મદદકર્તા જુબાની આપેલ નથી.

**પોલીસ નો પુરાવો :–**

ફરીયાદી શાહેદ નં ૯ (**PW-9**) શરદભાઈ કાલીદાસ કુલકર્ણી ને આંક ૧૯ થી, ફરીયાદી શાહેદ નં ૧૦ (**PW-10**) મહેશભાઈ માલજીભાઈ આંક ૨૦ થી ફરીયાદી શાહેદ નં ૧૧ (**PW-11**) મહેશભાઈ બાંગેશભાઈ ને આંક ૨૮ થી, ફરીયાદી શાહેદ નં ૧૬ (**PW-16**) સુનીલભાઈ માનસંગભાઈ ને આંક ૩૭ થી, ફરીયાદી શાહેદ નં ૧૭ (**PW-38**) સંજયભાઈ સાહરભાઈ ને આંક ૩૮ થી તપાસવામા ંઆવેલ છે તેઓ બઘાજ આરોપીઓને બાતમી આધારે પકડેલ છે પંરતુ

તેઓએ બનાવ વિશે કંઈજ ખબર નથી તેમ જણાવેલ છે તેથી આ તમામ શાહેદોના પુરાવો ફરીયાદીને આરોપીએ ઈજા કરેલ તે બાબત અંગે નો નથી.

**તકઅ નો પુરાવો :–**

ફરીયાદી શાહેદ નં ૧૮ (**PW-18**) બળવંતસિંહ રણછોડાભાઈ ડાંગીને આંક ૪૦ થી ફરીયાદ પક્ષે તપાસવમા ંઆવેલ છે તેઓ એ બનાવની ફરીયાદ લીધેલ હતી, અને તેથા તેઓને તપાસ સોપવામા ંઆવેલ હતી પંચનમાઓ કરેલ હતા અને આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ હતી, જે આંક ૪૫ થી રજુ કરેલ છે, પપ્પુ કબજે કરેલ હતે જે આંક ૨૦ વાળુ પંચનામુ ઓળખી બતાવેલ છે પરંતુ તેના પંચો સમર્થન કરતા નથી, સીસીટીવી નુ સર્ટીફીકેટ આંક ૪૬ થી રજુ કરેલ છે પંરતુ તમામ સીસીટીવી રજુ કરેલ છે પરંતુ તેમા આ બનાવ વિશે કોઈ જ હકીકત જોવા મળેલ નથી, આમ તમામ પુરાવો જોવામાં આવે તો આરોપીઓને બનાવ માં સાંકળતો પુરાવો આપેલ નથી.

આમ, સમગ્ર પુરાવો જોતા, ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૨૪ ૧૧૪, બીપીએકટ ની કલમ ૧૩૫ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ આથી નકારમાં આપું છું અને મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

***<u>–:: હુ ક મ ::–</u>***

આ કામના આરોપી**(૧) સદામ ઉર્ફે મૌલાના સ/ઓ જાફર મનીયાર,** ઉવ.૨૨ ધંધો. મજુરી રહે– ૮૦ ફુટ રોડ, કિન્નરી ટોકીઝ સામે ઘર નં.૮૫૦ માનદરવાજા સુરત મુળ ગામ. લેડુત જી.જલગાંવ મહારાષ્ટ્ર. તા.દોંડાઈચા, **(૨)અરબાઝ ઉર્ફે ચીકટ સ/ઓ ઈસ્માઇલ શેખ,** ઉવ.૨૦, ધંધો : મજુરી, રહે– સી/૩૯ રૂમ નં. ૧૧ ત્રીજો માળ ભેસ્તાન આવાસ સુરત, **(૩) સકીલ સ/ઓ ખલીલ શેખ,**ઉ.વ.૩૨ ધંધો : રીક્ષા ડ્રાઈવર, રહે.રજાનગર ઘર નં.૩૦૩, બી.આર.ટી.બસ ભાઠેના સુરત, **(૪) ઈસ્માઈલ ઉર્ફે નુરૂ સ/ઓ બાબુ શેખ,** ઉવ.૨૯ ધંધો : મજુરી, રહે. મ.નં. ૫૬૯ રજાનગર ભાઠેના સુરત.નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની

કલમ–૨૪૮(૧) મુજબ ઈ.પી.કો.કલમ– ૩૩૨,૩૨૪અને ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવા માં આવેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો.

આ કામનાં આરોપીઓનાં ખત તથા જામીનખત ક્રિ.પ્રો.કો.કલમ ૪૩૭(એ) મુજબ રૂા.૫૦૦૦/–ના આ હુકમની તારીખથી છ માસ સુધીના રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમા આજરોજ તા. ૧૧ મી મે ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાંઆવે છે.

તારીખ :૧૧/૦૫/૨૦૨૬
સુરત .

(પંકજ રાઠોડ )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,(રેલવે)
સુરત,
(જી.જે.૦૧૪૬૮)